ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



પદ્મિની પંઢરીનાથ જગતાપ
મો. ૯૮૭૯૮ ૦૭૩૧૧



ઝીલ મયુરભાઈ માવાણી
ફોન : ૨૩૨૨૭૩૬૯

# નિસર્ગ દ્વારા ધરતી દિવસની ઉજવણી






સમગ્ર બ્રહ્માંડમાં માત્ર પૃથ્વી પર જ જીવનનું અસ્તિત્વ છે. આ પૃથ્વી પર જીવસૃષ્ટિ ટકાવી રાખવા માટે કુદરતી સંપદાની જાળવણી કરવી ખૂબ જ જરૂરી છે એ વિચારને અનુલક્ષીને પર્યાવરણ વિષયક જનજાગૃતિમાં ઊમેરો કરવા તેમજ પર્યાવરણીય સંરક્ષણ માટે લેવાય રહેલ પગલાં પ્રદર્શિત કરવા માટે દર વર્ષે ૨૨મી એપ્રિલના દિવસે 'ધરતીદિન' તરીકે વિશ્વ સ્તરે ઉજવવામાં આવે છે. વિશ્વ ધરતી દિવસની ઉજવણી શનિવારે દેશ અને દુનિયામાં કરવામાં આવી હતી. ગાંધીનગર ખાતે નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સૅન્ટર, સૅક્ટર-૨૩ ખાતે પણ આ ઉજવણી હાથ ધરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ધરતી માતાની તસવીરને પુષ્પો અર્પણ કર્યાં હતાં અને તેમના સંરક્ષણની જવાબદારી સ્વયં સ્વીકારી હતી. ડૉ. અનિલભાઈ પટેલે ધરતી દિવસના મહત્ત્વ અને તે અન્વયે કરવાની થતી કામગીરીઓ અંગે વિદ્યાર્થીઓને વિગતે વાત કરી હતી. આ ઉપરાંત નગરજનોનાં ઘરોમાં પડી રહેલા ઈવેસ્ટનો નિકાલ કરવાની કામગીરીમાં પણ નિસર્ગ સાયન્સ સૅન્ટરે સહયોગ પૂરો પાડ્યો હતો. બગડેલાં અને ઘરમાં બિનઉપયોગી પડી રહેલાં ઈલેક્ટ્રૉનિક ઉપકરણો નગરજનો નિસર્ગ સાયન્સ સૅન્ટર ખાતે આપી ગયા હતા, જેના બદલામાં તેમને નિયત રોકડ રકમની ચૂકવણી પણ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે નિસર્ગ સૅન્ટર દ્વારા રવિવારે પણ સવારે ૯થી ૧ દરમિયાન ઈલેક્ટ્રૉનિક વેસ્ટ સ્વીકારવાની આ કામગીરી ચાલુ રાખવામાં આવી છે. જે નગરજનો આવો વેસ્ટ પોતાનાં ઘરોમાંથી કાઢવા ઈચ્છતા હોય તેઓ નિસર્ગ કૉમ્યુનિટી સૅન્ટર ખાતે આ સમય દરમિયાન પહોંચીને ત્યાં આ વેસ્ટ સોંપી શકે છે એમ નિસર્ગ દ્વારા જણાવવામાં આવ્યું છે.

## ડાયરેક્ટ ❤ સે

ઉમ્મીદોં સે બંધા
એક જિદ્દી પરિંદા હૈ
ઈન્સાન
જો ઘાયલ ભી
ઉમ્મીદોં સે હૈ
ઔર
ઝિંદા ભી
ઉમ્મીદોં સે હૈ

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૩**
સ્મર્ફર્સ (હિન્દી, ૩ડી)
૬.૧૫
ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ-૮
(હિન્દી, ૩ડી)
૧.૧૫, ૩.૪૫
ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ-૮
(અંગ્રેજી, ૩ડી)
૮.૦૦
સ્મર્ફર્સ (અંગ્રેજી, ૩ડી)
૧૧.૩૦

**સ્ક્રીન-૪**
નૂર
સવારે ૧૦.૦૦
માતૃ
૧.૦૦, ૪.૦૦, ૯.૪૫
બેગમ જાન
૭.૦૦

**સ્ક્રીન-૫**
નૂર
૧૨.૩૦, ૩.૩૦,
૬.૩૦, ૧૦.૦૦

## હૉટલ મેનેજમેન્ટ અને હૉસ્પિટાલિટી ક્ષેત્રમાં વધતી તકો

ગાંધીનગર, તા. ૨૨

હૉટલ મેનેજમેન્ટ અને હૉસ્પિટાલિટી ક્ષેત્રમાં ઈન્ડસ્ટ્રીની માગ આધારિત અભ્યાસક્રમ, પ્રેક્ટિકલ પ્રૉજેક્ટ તૈયાર કરવામાં આવી રહ્યા છે. લાખો યુવાનોને રોજગાર આપતું આ ક્ષેત્ર અવનવા ચેલેન્જિંગ રોલ અપાવે છે. સમય સાથે સતત પરિવર્તન પામતું આ ક્ષેત્ર ઉચ્ચ પગાર, જીવન ધોરણ, સ્થિરતા અને કરિયર બઢતી આપવા સક્ષમ છે. હાલના તબક્કે દરેક રાજ્ય, દેશ પોતાના પ્રવાસન ઉદ્યોગને પ્રમોટ કરી રહ્યા છે. એવામાં સ્વાભાવિક છે કે હૉટેલ અને હૉસ્પિટાલિટીમાં વધારો થવાનો, રોજગારીની તકોનું સર્જન થવાનો આ ફિલ્ડ સાથે સંકળાયેલા તમામ લોકોને ફાયદો થવાનો છે.

અવનવી વાનગીઓ બનાવવી, ટેસ્ટ કરવી, સ્વાદના રસિક હોવું, બહાર હરવું-ફરવું, અપ ટુ ડેટ થઈને રહેવું જો આપના સ્વભાવની લાક્ષણિકતા હોય તો આપ અચૂક આ ફિલ્ડ માટે સર્જાયેલા છો એમ કહેવામાં અતિશયોક્તિ નહિ ગણાય. મુખ્યત્વે આ ક્ષેત્રમાં રેસ્ટોરેન્ટ, હોટેલ, કેસીનો, ક્લબ ફૂડ કોન્ટ્રાક્ટ સર્વિસ, એરલાઈન્સ, ટુર ઓપરેટર, ટ્રાવેલ એજન્સી, કન્વેન્શન સેન્ટરમાં રોજગારી મેળવી શકાય છે. ભારતમાં જે ગતિએ પ્રવાસન ઉદ્યોગ ફૂલીફાલી રહ્યો છે એ જોતાં આ ક્ષેત્ર રોજગારીનો સત્કાર કરવા તત્પર છે એમ કહી શકાય. હોટેલ અને હોસ્પિટાલિટી ક્ષેત્રમાં સતત માગ વધતાં પ્રૉફેશનલ વ્યક્તિઓની માગ પણ વધી રહી છે. આગામી સમયમાં જે તીવ્ર ગતિએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર આકાર પામી રહ્યું છે એ જોતાં આ ફિલ્ડમાં વિપુલ માત્રામાં નવી રોજગારીમાં ઉમેરો થશે. ભારતના પ્રવાસન ઉદ્યોગનું સૌથી પ્રબળ પાસું એટલે હોટેલ અને હોસ્પિટાલિટી છે.

## સ્વનિર્ભર સાળાઓની ફી અંગેના નિયમોની સત્વરે જાહેરાત કરાશે

ગાંધીનગર, તા. ૨૨

ખાનગી શાળા ફી નિયમન વિધેયક પસાર કરાયા બાદ હવે સ્વનિર્ભર શાળાઓની ફી અંગેના નિયમોની સત્વરે જાહેરાત કરાશે તેમ રાજ્યના શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું. ઉપરાંત ઝોનલ કમિટીઓની રચનાની કામગીરી પણ પૂરજોશમાં ચાલી રહી હોવાની માહિતી તેમણે આપી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્વનિર્ભર શાળાઓ માટે ફી નિર્ધારણ માટેના નિયમો તૈયાર થઈ જવામાં છે અને ટૂંક સમયમાં જ તેની જાણ કરાશે તેમ રાજ્યના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું. આ નિયમો ઉપરાંત ઝોનલ કમિટીની રચનાની કાર્યવાહી પણ પુરજોશમાં ચાલી રહી છે અને આગામી શૈક્ષણિક સત્રમાં ફી નિર્ધારણ અંતર્ગત ઘડાયેલા નવા નિયમોનો ઝડપથી અમલ થાય તે દિશામાં સરકાર મક્કમતાથી આગળ વધી રહી હોવાનું ચુડાસમાએ જણાવ્યું હતું અને ગુજરાતમાં ચાલતી તમામ ખાનગી શાળાઓને આ કાયદો લાગુ પડશે તેમ પણ જણાવ્યું હતું.

ફી નિર્ધારણ અંગે શંકા-કુશંકાનું વાતાવરણ ન ફેલાય તે માટે ભારપૂર્વક શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે, કોઈપણ સંજોગોમાં ફી નિર્ધારણ અંતર્ગત નિયમોનું ચુસ્તપણે પાલન થશે જ તેમાં કોઈએ લેશમાત્ર શંકા રાખવાની જરૂરિયાત નથી. સંચાલકોને અપીલ કરતા તેમણે જણાવ્યું હતું કે, શાળાઓ માટે સંચાલકોને પોતાનું વાજબીપણું સાબિત કરવાની તક મળશે. પરંતુ શિક્ષણ વિદ્યાર્થી અને વાલીઓના વિશાળ હિતમાં સ્વાર્થ અને સંઘર્ષમાંથી બહાર આવવાની આવશ્યકતા છે.

## આવતીકાલે સરકારી વિજ્ઞાન કોલેજમાં મૂલ્યાંકન માટે 'નેક'ની ટીમ આવે છે

ગાંધીનગર, તા. ૨૨

રાષ્ટ્રીય શિક્ષણ નીતિની ૧૯૮૬ની ભલામણ અનુસાર ભારતમાં ઉચ્ચ શિક્ષણને મજબૂત તેમજ ગુણવત્તાસભર બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે તથા તેના ઍક્શન પ્લાન હેઠળ ઉચ્ચ શિક્ષણ સાથે સંકળાયેલ તમામ સંસ્થાઓની તપાસણી તથા મૂલ્યાંકન યુજીસી દ્વારા નિમાયેલ રાષ્ટ્રીય મૂલ્યાંકન અને પ્રત્યાંકન પરિષદ (NAAC) દ્વારા કરવામાં આવે છે. આ સંસ્થા દ્વારા શિક્ષણની ગુણવત્તા સુધારવા શું કરવું જોઈએ તે માટે માર્ગદર્શન પણ આપવામાં આવે છે. આવું મૂલ્યાંકન દરેક સંસ્થાએ પાંચ વર્ષમાં એકવાર કરાવવું ફરજિયાત છે. ગાંધીનગર શહેરની સરકારી વિજ્ઞાન કૉલેજ ખાતે મૂલ્યાંકન માટે NAACની ટીમ તા. ૨૪ અને ૨૫ એમ બે દિવસ માટે આવી રહી છે, જે તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને વાલીઓની સાથે ચર્ચા કરી તેમના પ્રતિભાવો મેળવશે.

સંસ્થાના આચાર્ય ડૉ. કે જી છાયાના નેજા હેઠળ કોલેજના સમગ્ર સ્ટાફ NAACની તૈયારીમાં સતત કાર્યરત છે. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સંસ્થાની મૂડી છે અને વાલીઓના, તેમના પાલ્યના અભ્યાસ સંબંધી પ્રતિભાવો સંસ્થા માટે મહત્ત્વના હોઈ સંસ્થાના આચાર્ય અને તમામ સ્ટાફ મિત્રો દ્વારા તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને વાલીઓને તા. ૨૪ એપ્રિલના રોજ સાંજે પથી ૬ કલાકે પધારવા હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે.

## શિક્ષણને છેવાડાના વિસ્તારો સુધી પહોંચાડવા વિકલ્પો શોધવાની જરૂર

ગાંધીનગર, તા. ૨૨

નિરમા યુનિવર્સિટીનો ૨૩મો પદવીદાન સમારંભ તાજેતરમાં યોજાયો હતો, જેમાં ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ અને લોના ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓને ડીગ્રી અને ડિપ્લોમાની પદવીઓ એનાયત કરવામાં આવી હતી.

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, નવી દિલ્હીના પૂર્વ અધ્યક્ષ પ્રોફે. વેદ પ્રકાશ આ પ્રસંગે મુખ્ય મુખ્ય મહેમાન તરીકે હાજર રહયા હતા. વિદ્યાર્થીઓને સંબોધન કરતાં તેમણે જણાવ્યું કે, 'ભારતમાં વિવિધ ભૌગોલિક અને આર્થિક પરિસ્થિતીમાંથી આવતા વિદ્યાર્થીઓ છે. જ્યાં ગ્રોસ એનરોલમેન્ટ રેશીયો ૪૧ ટકાથી વધુ હોય એવા પ્રદેશો પણ છે અને માત્ર ૭ ટકા રેશીયો હોય એવા પણ પ્રદેશો છે. આ બંને પ્રકારના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને ઉચ્ચ શિક્ષણની પદ્ધતિઓમાં અલગ અલગ વિકલ્પો વિચારવા જોઈએ. પ્રદેશો ઉપરાંત શીડ્યુઅલ કાસ્ટ કે ટ્રાઈબલ કાસ્ટના વિદ્યાર્થીઓ કે છોકરીઓ એ પ્રકારે વિવિધ પાસાઓ ધ્યાનમાં રાખીને યોજનાઓ ઘડવી જોઈએ. કારણ કે, આજે આપણા દેશમાં ૧૮ થી ૨૩ વર્ષની ઉંમરના યુવાનોમાં ૧૦૦માંથી માત્ર ૨૩ યુવાનો જ ઉચ્ચ શિક્ષણનો લાભ લઈ શકે છે.

તે ઉપરાંત ૨૦ ટકા સિલેબસ એવો છે, જેને ઓનલાઈન કરી શકાય તેમ છે, આમ વિવિધતા અને વિષમતા બંનેને ધ્યાનમાં રાખખવા જરૂરી છે.' પ્રોફેસર વેદ પ્રકાશે આગળ જણાવ્યું કે, 'વર્તમાન સમયમાં ઉચ્ચ શિક્ષણની વાસ્તવિકતા સ્થિતિમાં '૪ઈ' પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે એક્સપેન્શન, ઈક્વિટી, એક્સેલન્સ અને એમ્પોલોયેબિલિટી. આપણે રાજ્યોની સંસ્થાઓને સધ્ધર બનાવવાની, તથા શૈક્ષણિક ક્ષમતા વધારવાની જરૂર છે.'

આ પદવીદાન સમારોહમાં ૨૦ વિદ્યાર્થીઓને પીએચડી, ૨૨૭ વિદ્યાર્થીઓને એમબીએ (ફૂલ ટાઈમ), ૫૦ વિદ્યાર્થીઓને એમબીએ (ફેમિલી બિઝનેસ અને આંત્રપ્રિન્યોરશીપ), બીએ એલએલબી (ઓનર્સ) ના ૧૦૭ વિદ્યાર્થીઓ, બીકોમ એલએલબી (ઓનર્સ)ના ૬૫ વિદ્યાર્થીઓ, બીબીએ એલએલબી (ઓનર્સ)ના ૪૬ વિદ્યાર્થીઓને પદવીઓ એનાયત કરવામાં આવી હતી. નિરમા યુનિવર્સિટીના પ્રેસીડેન્ટ ડો. કરસનભાઈ પટેલ આ સમારોહના અધ્યક્ષ સ્થાને હતા. પદવીદાન સમારંભ દરમ્યાન વિદ્યાર્થીઓને એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યા હતા.

## રાઈટ ટુ ઍજ્યુકેશનના મુદ્દે સરકાર દ્વારા કોઈ ગેરરીતિ નથી થઈ : હાઈકોર્ટ

ગાંધીનગર, તા. ૨૨

રાઈટ ટૂ એજ્યુકેશન હેઠળ પ્રવેશ આપવામાં વેબ પોર્ટલ પર ગરીબ છાત્રોને તેમના ઘરથી દૂર શાળાઓ બતાવી તેમની સાથે અન્યાય થતો હોવાની રજૂઆત કરતી રિટનો હાઈકોર્ટે નિકાલ કર્યો છે. હાઈકોર્ટના ચીફ જસ્ટિસ આર.સુભાષ રેડ્ડી અને જસ્ટિસ વી.એમ. પંચોલીની ખંડપીઠે રાજ્ય સરકારને રાહતરૂપ ચુકાદો આપતા નોંધ્યું છે કે આરટીઈ હેઠળ પ્રવેશના મુદ્દે આ વર્ષે ૧.૨૫ લાખ અરજીઓ મળી છે અને સરકારે ઓનલાઈન ફોર્મ ભરીને પ્રવેશની કાર્યવાહી કરવા માટે ૪૯૦ જેટલા સેન્ટર્સ બનાવ્યા છે. અરજદારે ધો-૧માં માત્ર પાંચ છાત્રોને પ્રવેશ અપાયાની દલીલ મૂકી છે, પરંતુ સરકાર તરફથી ૨૫% બેઠકો ધો-૧ માં આરટીઈ હેઠળ ભરી હોવાનું ચકાસીને જણાવવામાં આવ્યું છે. તેવા સંજોગોમાં રાજ્ય સરકારે દ્વારા આ સમગ્ર મામલે કોઈ ગેરરીતિ થઈ રહી હોવાનું જણાતું નથી. ખંડપીઠે વધુમાં નોંધ્યું છે કે, 'જો વાલીઓને ફોર્મ ભરવા કે અન્ય કોઈ સહાયતા મેળવવામાં મુશ્કેલ જણાતી હોય તો તેઓ સરકારે ઉભા કરેલા ૪૯૦ જેટલા સેન્ટર્સમાં જઈ શકે છે. અમને ખાતરી છે કે વાલીઓ આ સેન્ટર્સની મુલાકાત લેશે ત્યારે તેમની જે કોઈ પણ તકરાર હશે તેનું નિવારણ કરવામાં આવશે.'

આ સમગ્ર મામલે અરજદારે હાઈકોર્ટમાં રિટ કરીને એ મતલબના મુદ્દા ઉપસ્થિત કર્યા હતા કે, 'સરકારે આરટીઈ હેઠળ પ્રવેશ આપવા માટે વેબ પોર્ટલ બનાવી છે. જેના પરથી ઓનલાઈન ફોર્મ ભરવાનો હોય છે. પરંતુ આ વેબ પોર્ટલ પર ધો-૧ના પ્રવેશના ડેટામાં ગડબડ જણાય છે. એટલું જ હની વેબ પોર્ટલ જેતે છાત્રના રહેણાંક વિસ્તારથી એકથી ત્રણ અને ત્રણથી છ કિમીના રેડિયસમાં આવેલી શાળાઓ શોધવામાં નિષ્ફળ જાય છે. જેથી આ છાત્રોને તેમના ઘરથી દૂરની શાળામાં પ્રવેશ આપવામાં આવે છે. એટલું જ નહીં છાત્રોના વાલીઓ જ્યારે ઓનલાઈન અરજી કરતા હોય છે, ત્યારે તેમને શાળાની પ્રાથમિકતા નક્કી કરવાની તક પણ અપાતી નથી.'



પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલયનાં મુખ્ય પ્રશાસક રાજયોગિની દીદી જાનકીજીને વિશ્વમાં ભારતીય સંસ્કૃતિ તથા માનવીય મૂલ્યોના સંવર્ધન માટેના વિશેષ અને સરાહનીય કાર્ય માટે રાષ્ટ્રીય માનવાધિકાર સંગઠન, દિલ્લીના મધર ટેરેસા વિશિષ્ટ સમાજસેવા સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા છે. આ સન્માન માનવાધિકાર સંગઠનના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. મહેશ પટેલ, સંરક્ષક ડૉ. આલોક સોની તથા સંગઠનના વિશિષ્ટ પદાધિકારીઓ દ્વારા દાદી જાનકીજીના નિવાસસ્થાને જઈને અર્પણ કરવામાં આવ્યું હતું. સંગઠન તરફથી દાદીજીને સન્માનરૂપે શાલ તથા સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ. મહેશ પટેલે જણાવ્યું હતું કે સંગઠન માટે એ ગૌરવની વાત છે કે તેના દ્વારા દુનિયાની એવી વિભૂતિનું સન્માન થઈ રહ્યું છે કે જેમણે નારીશક્તિનું ઉત્કૃષ્ટ ઉદાહરણ આપતાં સમગ્ર વિશ્વમાં માનવતાનો દીપ પ્રજ્વલિત કર્યો છે, ભારતીય સંસ્કૃતિ અને મૂલ્યોનાં બીજારોપણથી વિશ્વભરમાં આત્મીયતાનો ભાવ પેદા કર્યો છે. દુનિયામાં પહેલી મહિલા સંસ્થાનું પ્રતિનિધિત્વ કરતાં દાદીજીએ નારીને શક્તિસ્વરૂપ બનાવીને એક નવા સમાજના નિર્માણમાં પોતાની મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે. દાદીજીએ પોતાનાં આશીર્વચન પાઠવતાં કહ્યું હતું કે મનુષ્યનું એ પ્રથમ કર્મ હોવું જોઈએ કે તે સમસ્ત માનવજાતિને એકતા, ભાઈચારા અને સહિષ્ણુતાના એક દોરામાં પરોવે. આનાથી જ માનવજાતિની રક્ષા થશે અને એક બહેતર સમાજની સ્થાપના થશે.

## પી. જી. મેડિકલ-ડેન્ટલ પ્રવેશના મેરિટલિસ્ટમાં વિલંબના સમાચાર

ગાંધીનગર, તા. ૨૨

પી.જી.મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે મેરિટલિસ્ટ જાહેર કરવામાં હજુ વિલંબ થાય તેવી શકયતાઓ ઊભી થઈ છે. સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યા બાદ બુધવાર અથવા તો ગુરુવારે મેરિટલિસ્ટ જાહેર કરી દેવાશે તેવું માનવામાં આવતું હતું. પરંતુ ૨૫ ટકા યુનિવર્સિટી પ્રેફરન્સના કારણે હવે મેરિટલિસ્ટ કેવી રીતે તૈયાર કરવું તેની દ્વિધા ઊભી થઈ છે. આ ઉપરાંત પી.જી.માં ઈન સર્વિસ ડોક્ટરો માટે ૨૫ ટકા અનામત બેઠકોને લઈને હજુ કોર્ટમાં કેસ હોવાથી આ મુદ્દે પણ મુશ્કેલી ઊભી થાય તેમ છે.

પી. જી. મેડિકલમાં પ્રવેશ માટે ૨૫ ટકા બેઠકો માટે યુનિવર્સિટી પ્રેફરન્સ રાખી શકાય તેવી સુપ્રીમ કોર્ટે સૂચના આપી દીધી છે. પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે સરકાર દ્વારા અગાઉ પી.જી.મેડિકલમાં પ્રવેશ માટેના નિયમો જાહેર કર્યા ત્યારે ૨૫ ટકા બેઠકો ઈન સર્વિસ ડોક્ટરો માટે અનામત રાખી હતી. આ મુદ્દે પણ વિદ્યાર્થીઓમાં ભારે રોષ ફેલાયો હતો. કેટલાક વિદ્યાર્થીઓએ ઈન સર્વિસ ડોક્ટરના મુદ્દે કોર્ટમાં રીટ કરી છે જેનો હજુસુધી આખરી ચુકાદો આવ્યો નથી. નોંધનીય છે કે પી.જી.મેડિકલમાં કોમન એડમિશનની જાહેરાત થઈ ત્યારથી જુદા જુદા મુદ્દાઓને લઈને ભારે વિવાદ ઊભો થઈ રહ્યો છે. અગાઉ યુનિવર્સિટી પ્રેફરન્સની માંગ અને તેના વિરોધના મુદ્દે વિદ્યાર્થીઓમાં બે ભાગ પડી ગયા હતા. સરકારે પી.જી.ની કુલ બેઠકોમાં ૨૫ ટકા બેઠકો ઈન સર્વિસ ડોક્ટો માટે અનામત રાખવાની જાહેરાત કરી તેની સામે પણ વિવાદ ઊભો થયો છે. વિદ્યાર્થીઓ કહે છે કુલ બેઠકોમાંથી ૫૦ ટકા બેઠકો ઓલ ઈન્ડિયા કવોટામાં જતી રહે છે.

## સીબીએસસી સ્કૂલ્સ દ્વારા કરવામાં આવતી વ્યાવસાયિક પ્રવૃત્તિઓ પર બૉર્ડની રોક

### આ પ્રકારની પ્રવૃત્તિઓ અંગે વાલીઓ દ્વારા ઉચ્ચસ્તરે ફરિયાદો કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૨

અમદાવાદ સહીત સમગ્ર દેશની સેન્ટ્રલ બોર્ડની સ્કૂલોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ચોક્કસ જગ્યાએથી જ તમામ ચીજવસ્તુઓ લેવાની ફરજ પાડવામાં આવતી હોય છે. છેલ્લા કેટલાય વર્ષોથી ચાલતી આ પ્રકારની પ્રવૃત્તિઓ અંગે વાલીઓ દ્વારા ઉચ્ચસ્તરે ફરિયાદો કરવામાં આવતી હતી. સેન્ટ્રલ બોર્ડને ઘણા સમયથી આ પ્રકારની ફરિયાદો મળતાં તાજેતરમાં બોર્ડ દ્વારા એક પરિપત્ર જાહેર કરીને આ પ્રકારની પ્રવૃત્તિઓ કરતી શાળાઓને તાકીદે વ્યવસાયિક પ્રવૃત્તિઓ બંધ કરવા તાકીદ કરવામાં આવી છે. જે સેન્ટ્રલ બોર્ડની શાળાઓ આ પરિપત્ર પછી પણ વાલીઓને યેન કેન પ્રકારે લૂંટવાની પ્રવૃત્તિઓ ચાલુ રાખશે તો તેની સામે કડક કાર્યવાહી કરવાની પણ ચીમકી આપવામાં આવી છે. ટલાક જાગૃત વાલીઓએ આ મુદ્દે સેન્ટ્રલ બોર્ડ, દિલ્હી સમક્ષ ફરિયાદો પણ હતી. વારંવાર વાલીઓ દ્વારા કરાયેલી ફરિયાદના પગલે હવે સેન્ટ્રલ બોર્ડના સત્તાધીશો હરકતમાં આવી ગયા છે. સેન્ટ્રલ બોર્ડની શાળાઓને મંજુરી આપતાં એફીલેશન વિભાગના ડેપ્યુટી સેક્રેટરી કે. શ્રીનિવાસન દ્વારા દેશની તમામ સેન્ટ્રલ બોર્ડની શાળાઓ એક સરક્યુલર મોકલી આપવામાં આવ્યો છે. જેમાં એવી સ્પષ્ટતાં કરવામાં આવી છે કે, સેન્ટ્રલ બોર્ડની શાળાઓ શિક્ષણની સાથે સાથે કોમર્શિયલ પ્રવૃત્તિઓ કરતી હોવાનું ધ્યાન પર આવ્યુ છે. શાળાના જ સ્ટોર્સમાંથી તમામ ચીજવસ્તુઓ ખરીદવા ફરજ પાડવી અથવા તો શાળાએ માન્ય કરેલા સ્ટોર્સમાંથી જ ખરીદવા માટે સૂચના આપવી બિલકુલ ગેરકાયદે પ્રવૃત્તિ છે. કેટલીક શાળાઓ તો એનસીઈઆરટી-સેન્ટ્રલ બોર્ડના પુસ્તકોના બદલે અન્ય પુસ્તકો પણ વાલીઓ પાસે બહારથી મંગાવતી રહે છે. સેન્ટ્રલ બોર્ડે સોસાયટી, ટ્રસ્ટ,કંપનીને સામાજિક સેવા માટે સ્કૂલ શરૂ કરવાની મંજુરી આપી છે, બિઝનેસ કે કોમર્શિયલ પ્રવૃત્તિઓ માટે નહી. જે કોઈ શાળા સંચાલકો આ પ્રકારની પ્રવૃત્તિઓ કરતાં હોય તેઓએ તાકીદે આ તમામ ગેરકાયદે પ્રવૃત્તિઓ બંધ કરી દેવાની રહેશે. આ પ્રકારની પ્રવૃત્તિઓ ચાલુ રાખશે જો બોર્ડ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવશે.